# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. ૨૪-૦૫-૨૦૨૨

- **રેલ્વે, એરપોર્ટ જેવી સરકારી સંસ્થાઓ વેચાઈ રહી છે અને અનામત બંધ થઈ રહી છે. શું સરકારની મનશા અનામત બંધ કરવાની છે ? - જગદીશ ઠાકોર**
- **કોંગ્રેસની સરકાર આવશે તો ૧૩૦૦૦ વિલેજ કોમ્પ્યુટર ઓપરેટરને પહેલી કેબીનેટમાં હક્ક મળશે - જગદીશ ઠાકોર**
- **પહેલા પણ મંદિરમાં આરતી - ઝાલર વાગતા અને મસ્જીદમાં અઝાનો સાથે થતી હતી પણ ક્યારેય વૈમનસ્ય ઉભા થતા ન હતા - જગદીશ ઠાકોર**
- **ભાજપના નેતાઓ પોતાના બાળકોને વિદેશ ભણવા મોંકલે છે અને આપણા ગરીબ - મધ્યમવર્ગના બાળકોને હનુમાન ચાલીસા - મંદિર - મસ્જીદના નામે ગેરમાર્ગે દોરી રહ્યાં છે. - જગદીશ ઠાકોર**
- **ચૂંટણી આવતા જ જાતિ - જાતિ, ધર્મ - ધર્મ વચ્ચે વૈમનસ્ય કરનારા તત્વો સક્રિય, તેમનાથી સાવધાન રહેજો - જગદીશ ઠાકોર**
- **ગુજરાત ભાજપના વડા ભાઉ કહે છે કે નર્મદા તાપી પાર યોજના રદ કરીશુ પણ શું કેન્દ્ર સરકારની યોજના રાજ્ય સરકાર રદ કરી શકે ખરી ? - સુખરામ રાઠવા**
- **સ્થાનિક લોકો પિવાના પાણી માટે પરેશાન છે - સરકારમાં બેઠેલા પિવાનું પાણી પણ પુરુ પાડી શકતા નથી - સુખરામ રાઠવા**
- **૨૦૧૧ની જનગણના ભાજપ શું કામ લાગુ નથી કરતી ? - કેપ્ટન અજયસિંહ**

અમદાવાદના ધોળકા તાલુકા ખાતે ઓ.બી.સી. ડીપાર્ટમેન્ટ દ્વારા આયોજીત બક્ષીપંચ સંમેલનમાં ભાજપ સરકારની અનામત વિરોધી નીતિ પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, સરકારી નોકરીમાં જેની જેટલી વસ્તી એટલી ભાગીદારી જરૂરી છે. એસટી, રેલવે, એરપોર્ટ જેવી સરકારી સંસ્થાઓનું ખાનગીકરણ કરી ભાજપ સરકાર અનામત ખતમ કરી રહી છે. સરકારી ભરતીમાં વારંવાર પેપર ફુટે, પરીક્ષામાં ગેરરીતિ સહિતની ઘટનાઓથી ગુજરાતના ઉમેદવારો જોડે અન્યાય કરી રહી છે. આઉટ સોર્સીંગ - કોન્ટ્રાક્ટ પધ્ધતિ દ્વારા ગુજરાતના ગરીબ યુવાનોનું સરકાર અને સરકારના મળતીયાઓ દ્વારા શોષણ કરવામાં આવી રહ્યું છે કોંગ્રેસ પક્ષ શાસનમાં આવતા જ આઉટ સોર્સીંગ - કોન્ટ્રાક્ટ પ્રથા નાબુદ કરશે. ગરીબ યુવાનોના મહેનત - પરસેવાના પૈસાથી ભાજપના વચેટીયાઓ - મળતીયાઓ કમિશન ખાઈ રહ્યાં છે. વિશ્વ જોડે સંવાદ કરવાની વાત કરી ભાજપ સરકાર એક અઠવાડીયાથી વધુ સમયથી પોતાના હક્ક - અધિકાર માટે હડતાલ ઉપરના ૧૩૦૦૦ થી વધુ વિલેજ કોમ્પ્યુટર ઓપરેટર સાથે કેમ સંવાદ કરતી નથી ? કોંગ્રેસની સરકાર બનતા જ પહેલી કેબિનેટમાં વિલેજ કોમ્પ્યુટર ઓપરેટરોને હક્ક - અધિકાર આપવામાં આવશે.

મંદિરમાં પહેલા પણ ઝાલર વાગતા અને મસ્જીદમાં અઝાનો સાથે થતી હતી પણ ક્યારેય વૈમનસ્ય ઉભા થતા ન હતા. પરંતુ ભાજપ ગરીબ - મધ્યમવર્ગના બાળકોને હનુમાન ચાલીસા - મંદિર - મસ્જીદ સહિતના વિવાદોથી નામે ગેરમાર્ગે દોરી રહી છે. તેમના નેતાઓ પોતાના બાળકોને વિદેશ ભણવા મોંકલે છે. ચૂંટણી આવતા જ જાતિ, ધર્મ વચ્ચે વૈમનસ્ય કરનારા તત્વો સક્રિય થાય છે ત્યારે આપણે સૌએ સાવધાન રહેવું જરૂરી છે.

બક્ષીપંચ સંમેલનને સંબોધન કરતાં ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી સુખરામ રાઠવાએ જણાવ્યું હતું કે, ખોટા - ઠાલા વચનો ભ્રષ્ટાચાર, મોંઘવારી, બેરોજગારી સહિતના સળગતા પ્રશ્નોને કારણે ભાજપના પગ નીચેથી જમીન સરકી રહી છે અને આદિવાસી વિસ્તારમાં વિકાસના નામે વિનાશ કરતી તાપી - પાર - નર્મદા લીંક પ્રોજેક્ટને મતોના

રાજકારણને કારણે યોજના રદ કરવાની વાત કરી રહી છે. પરંતુ કેન્દ્ર સરકારની યોજના રાજ્ય સરકાર રદ્ કરી શકે ખરુ ?. આદિવાસી વિસ્તારમાં રોજગાર, આરોગ્ય, શિક્ષણ સ્થાનિક લોકોમાં પીવાના પાણી માટે પણ મોટી સમસ્યા છે. ત્યારે કોંગ્રેસ પક્ષ સંકલ્પ કરે છે કે, આદિવાસી વિસ્તારોમાં સૌને આરોગ્ય વ્યવસ્થા, યુવાનોને રોજગાર, સહિતની સુવિધાઓ આપવા માટે કટીબધ્ધ છે.

કોંગ્રેસ પક્ષ દ્વારા આયોજિત ઓ.બી.સી. સંમેલનને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકીએ ધર્મના નામે રાજનિતિ કરી માત્રને માત્ર સત્તા માટે બેબાકળી બનેલી ભાજપાએ ધર્મને સત્તા મેળવવાનું સાધન બનાવ્યું છે. 'રામ મંદિર માટે ગામે ગામ મહિલાઓ - દીકરીઓએ કુમકુમ તિલક કરીને ગામના પાદરે જે શિલાઓ એકઠી કરી તેની આજે શું સ્થિતિ છે ? ભાજપે રામના નામે એકત્ર કરેલ નાણાં ક્યાં ગયાં ? જેણે ભગવાન રામ ને ઠગી લીધા તેનાથી લોકો પણ સાવચેત રહે.

કોંગ્રેસ પક્ષ દ્વારા આયોજિત ઓ.બી.સી. સંમેલનને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં બાવન ટકા વસ્તી બક્ષીપંચની છે, ભાજપ સરકાર તેમના હક્ક અધિકાર છીનવી રહી છે. બક્ષીપંચ સમાજે સંગઠીત થવાની જરૂર છે. આદિવાસી, દલિત, મુસ્લીમ તમામ સાથે આવે છે. બક્ષીપંચ સમાજ સંગઠીત થાય ત્યારે વિધાનસભાના ૧૪૧ અને ૧૪૯ બેઠકો કોંગ્રેસ પક્ષને મળી છે. ભાજપે બક્ષીપંચના ભાઈ-બહેનોને મળતી અનામતનો વિરોધ કર્યો હતો.

ઓ.બી.સી. સેલના રાષ્ટ્રીય ચેરમેનશ્રી કેપ્ટન અજયસિંહ યાદવ એ જણાવ્યું હતું કે, ઉદેપુર ખાતે યોજાયેલ કોંગ્રેસ પક્ષની નવ સંકલ્પ ચિંતન શિબિરમાં નિર્ણય લેવાયો કે જાતિ જનગણના થવી જોઈએ. જેનાથી સૌને લાભ મળશે સાથોસાથ કોલેજીયમ સિસ્ટમ બંધ કરી ન્યાયતંત્રમાં ન્યાયાધિશોની નિમણુંક માટે સ્વતંત્ર 'જ્યૂડીશયલ કમિશન' બનવું જોઈએ. હાલમાં ચાલતુ ભારતીય સેનામાં 'જાતીય રેજીમેન્ટ' બંધ થવું જોઈએ. ૨૦૧૧માં થયેલી જનગણનાને ભાજપ લાગુ નથી કરી રહી નહીં તો આરક્ષણ ૫૦ ટકા સુધી પહોંચી જશે. આપણે સૌએ એકત્ર થઈ કોંગ્રેસની સરકાર બનાવવા માટે આહવાહન કરીએ.

અમદાવાદના ધોળકા તાલુકા ખાતે ઓ.બી.સી. ડીપાર્ટમેન્ટ દ્વારા આયોજીત બક્ષીપંચ સંમેલનમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકી, શ્રી અમિત ચાવડા, કોંગ્રેસપક્ષના ધારાસભ્યશ્રી રુત્વિક મકવાણા, શ્રી લાખાભાઈ ભરવાડ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઓ.બી.સી. ડીપાર્ટમેન્ટના ચેરમેનશ્રી ઘનશ્યામ ગઢવી, એસ.સી. ડીપાર્ટમેન્ટના ચેરમેનશ્રી હિતેન્દ્ર પીઠડીયા, અમદાવાદ જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી બળવંત ગઢવી સહિત સ્થાનિક આગેવાનો, કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી બક્ષીપંચ સમાજના હક્ક - અધિકાર માટે જાગૃતિ સંમેલન વધુ યોજવા પર ભાર મુક્યો હતો.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા